**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા૦૭/૦૮/૨૦૧૯ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૨૯/૧૯**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૬૮ લીટર દેશી દારૂ, ૦૭ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯,૭૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૩૦/૧૯**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૧૩૩૧/૧૯**

**નરોડાઃ** કેતનભાઇ જગદીશભાઇ પટેલ (ઉ.વ.૪૯)(રહે.સત્વ-૧, હંસપુરા રેસીડેન્સીની બાજુમાં, નરોડા-દહેગામ રોડ, નરોડા) એ તા.૦૬/૦૮/૧૯ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે એકાદ વર્ષ પહેલા થી તારીખ ૦૬/૦૮/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન નરોડા નરોડા-દહેગામ રોડ અમરનાથ એસ્ટેટ ખાતે આરોપી (૧) નિરજકુમાર વલ્લભભાઇ પટેલ (રહે.તક્ષશિલા બંગ્લોઝ, નિકોલગામ રોડ, નિકોલ) (૨) પ્રવિણ પટેલ (રહે.ગ્લોબલ બિઝનેશ પાર્ક, ઓઢવ રિંગ રોડ, ઓઢવ) અને (૩)રોયલ ઇન્ડસ્ટ્રીઝ ના માલિક (રહે.આસ્થા કોમ્પલેક્ષ, માલ ગોડાઉન રોડ, મહેસાણા) એ ભેગા મળી કેતનભાઇને મહાદેવ પ્રોડોક્ટ ઇન્ડસ્ટ્રીઝના નામે ટિનસલ્ફેટ કેમિકલ પાઉડર બનાવવા માટેના ધંધાનો પ્રોજેક્ટ સમજાવી વધુ નફો મળશે તેમ જણાવી કેતનભાઇ પાસેથી રૂપિયા ૫,૫૦,૦૦૦/- રોકાણ કરાવી તેમજ કેતનભાઇના મકાન ઉપર ટેનેરા બેંક પાલડી શાખાથી લોન કરાવી, લોનના રૂપિયા ૪૯,૦૦,૦૦૦/- મેળવી ક્વોટેશનમાં જણાવેલ મશીનરીના બદલે ભંગાર જેવો દેખાતો સામાન અને ૧૦૦ કિલો કેમીકલ પાઉડર રાખી લઇ કુલ રૂપિયા ૫૩,૩૯,૦૦૦/- કેતનભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.આર.જેતાવત ચલાવે છે.

**કાલુપુરઃ** રવિભાઇ નરેન્દ્રભાઇ સોની (ઉ.વ.૨૯) (રહે.તેજલ એપાર્ટમેન્ટ ગુલબાઇ ટેકરા સી.જી.રોડ)એ તા.૦૬/૦૮/૧૯ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૬/૧૯ થી તા.૦૩/૦૮/૧૯ સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર, ગાંધીરોડ, રતનપોળ, નગીનાપોળમાં આવેલ દુકાન નંબર ૩૦૬૦/૧ "મારૂતિ જ્વેલર્સ" નામની પોતાની દુકાન ખાતે આરોપી સિધયેશ્વર અશોક મૈતી (રહે.મોટી પોળ, દાસ ખમણની બાજુમાં, ગોળલીમડા) ને દાગીના બનાવવા માટે આપેલ કુલ-૧૧૩૮ ગ્રામ સોનામાંથી કુલ-૮૯૮ ગ્રામ સોનાના દાગીના બનાવી આપી બાકીનું ૨૪૦ ગ્રામ સોનુ કિમત રૂપિયા ૮,૨૫,૭૯૨/- અને ઉપાડ પેટે લીધેલ ૮૩ ગ્રામ સોનુ કિમત રૂપિયા ૨,૮૫,૫૮૬/- મળી કુલ-૩૨૩ ગ્રામ સોનુ કિમત રૂપિયા ૧૧,૧૧,૩૭૮/- ઉચાપત કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.સરવૈયા ચલાવે છે.

**સાબરમતીઃ** અરવિંદભાઇ કુસાભાઇ પરમાર (ઉ.વ.૬૩)(રહે.ગ્રીનવિલા રેસીડેન્સી યોગીનગર ચાર રસ્તાની પાસે ડી-કેબીન સાબરમતી) એ તા.૦૬/૦૮/૧૯ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/03/૧૯ રાતના ૧૧/30 થી તા.૧૩/03/૧૯ કલાક ૦૦/૧૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન અરવિંદભાઇનું એસ.બી.આઇ.બેંકનુ એ.ટી.એમ કાર્ડ તેઓની પાસે હોવા છતા, એ.ટી.એમ.કાર્ડ હેક કરી અથવા અન્ય રીતે કાર્ડ નંબર કે પાસવર્ડ મેળવી, અજાણી વ્યક્તિએ અરવિંદભાઇના ખાતામાંથી ઇંટરનેટ માધ્યમથી રૂપિયા ૮૦,૦૦૦/- ઉપાડી લઇ, બીજા ખાતામા રૂપિયા ૬૦,૦૦૦/- ટ્રાંસફર કરી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એચ.વાળા ચલાવે છે.

**વેજલપુરઃ** અમજદભાઇ રસુલભાઈ પીસુવાલા (ઉ.વ.૪૬)(રહે.બાગેનીશાત સોસાયટી, સોનલ સિનેમા પાસે, વેજલપુર) એ તા.૦૬/૦૮/૧૯ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૨૦૧૭ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન અંબર ટાવર સામે લર્નીંગ હબ ખાતે તથા અમજદભાઇના ઘરે આરોપી (૧) સરફરાઝખાન પઠાણ (૨) શાહરુખ સરફરાઝખાન પઠાણ (બંને રહે. અમીર પાર્ક સોસાયટી, સમીર વિહાર સોસાયટી, સરખેજ રોડ, જુહાપુરા) (૩) રફીઉદીન મયુદીન કાદરી (રહે.મીરઝા સાહેબ મહોલત, સેંટ ઝેવીયર્સ સ્કુલની સામે, મીરઝાપુર) એ ભેગા મળી રોકાણ કરવા સારૂ તેમજ અગાઉ લીધેલ પંદર લાખ રૂપિયા સાથે એક મહીનાની અંદર પરત આપી દેવાનો ભરોસો આપી, અમજદભાઇ તથા તેમની પત્નીના બેંક એકાઉન્ટમાંથી કુલ રૂપિયા ૭૧,૨૦,૦૦૦/- આર.એમ.ઈન્ટરનેશનલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી, રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એલ.ડી.ઓડેદરા ચલાવે છે.

<u>વીજ કરંટ લાગતા મૃત્યુ :-</u> <u>સમાચાર યાદી નં.૧૩૩૨/૧૯</u>

**સરખેજઃ** અજયભાઇ બાબુભાઇ ચુનારા (ઉ.વ.૨૫)(રહે.નવા વણઝર ગામ ઉજાલા હોટલ પાછળ સરખેજ) તા.૦૬/૦૮/૧૯ સવારના ૧૦/૨૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે લાઇટની સીરીઝો લગાડતા હતા દરમ્યાન વીજ કરંટ લાગતા સારવાર માટે તેમને જીવરાજ મહેતા હોસ્પીટલ ખાતે લઇ જતાં ફરજ પરનાં ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.પંડ્યા ચલાવે છે.

<u>આત્મહત્યા :-</u> <u>સમાચાર યાદી નં.૧૩૩૩/૧૯</u>

**વાડજઃ** લલીતભાઈ દેવજીભાઈ વાઘોરા (ઉ.વ.૪૦)(રહે.પૂરપીડિતનગર વિભાગ-૨ નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૮/૧૯ સાજના ૫/૦૦ થી ૫/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે ચેનલનો વાયર બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.રાજપુત ચલાવે છે.

**માધવપુરાઃ** અમીતભાઇ નટુભાઈ ઠાકોર (ઉ.વ.૩૯)(રહે.રઘુકુળ સોસાયટી કોઠારી હોસ્પીટલ સામે શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૮/૧૯ કલાક ૮/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ધર્મેન્દ્રસિંહ પ્રવિણસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.